
# પંખ®

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન

અંક ૬૦ | માર્ચ ૨૦૨૨



હું નતો સફર મહીં, સફરમાં તો નાવ હતી.
હું તો હું મહીં હતો, કોની આવજાવ હતી?
– રાજેન્દ્ર શુક્લ

## ❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp
https://wa.me/916355953355

Telegram
https://telegram.me/pankhemagazine

Gmail
pankhemagazine@gmail.com

## ❖ અમને Follow અહીં કરો...

Facebook
https://m.facebook.com/pankhemagazine

Instagram
https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel
https://t.me/pankhemagazineofficial

Twitter
https://twitter.com/pankh_emagazine

YouTube
https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

## ❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website
https://pankhmagazine.com/

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન પ્રકાશિત થતા કોઇપણ લખાણના વિચારો સર્જકના પોતાના છે. એ વિચાર સાથે ટીમ પંખના સભ્યો સહમત છે જ, એવું માની લેવું નહિ. આથી લખાણને લીધે કોઈ પણ વિવાદ ઉભો થાય તો એની જવાબદારી સંપૂર્ણપણે સર્જકની પોતાની રહેશે. 'પંખ' આમાં દરમિયાનગીરી કરવા બાધ્ય નથી.

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન કોઈ પણ પ્રકારે પ્રકાશિત સામગ્રીમાં મોટેભાગે સર્જકની પરવાનગીથી જ કૃતિ મુકવામાં આવે છે. ક્યારેક કોઈ સર્જકની પરવાનગી લીધા વગર એમની કોઈ કૃતિ કોઈપણ સ્વરૂપે મુકવામાં આવે તો એમાં અમારો એક જ શુભ આશય છે કે સર્જકના લખાણને બિરદાવવું અને ગુજરાતી ભાષા વાંચી શકતા મહત્તમ લોકો સુધી સર્જકોની કૃતિ પહોંચાડવી અને વધુને વધુ લોકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા.

● અમારું સ્પષ્ટપણે માનવું છે કે, કૃતિ લખાય જાય એ પછી લોકોની બની જાય છે. પણ એ સર્જવા માટે સર્જકે કરેલા શ્રમને યોગ્ય શ્રેય મળે, એ માટે કૃતિની સાથે એના સાચા સર્જકનું નામ જોડાય, એ અમારો મહત્તમ પ્રયાસ રહેશે.

● અત્રે, 'પંખ' કોઈ રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારધારા પ્રત્યે પક્ષપાત કરતું નથી. તદુપરાંત, 'પંખ' બિનવ્યવસાયિક ધોરણે કામ કરે છે અને અમારા માટે આ આર્થિક ઉપાર્જનનું સાધન નથી.

● ‘પંખ’ સંપૂર્ણપણે સાહિત્યિક હોવાનો દાવો કરતું નથી. આથી લાક્ષણિક ગુજરાતી સાહિત્યના બધા જ નિયમો પળાય, એ જરૂરી નથી. ‘પંખ’ ગુજરાતી મેગેઝીન છે, ગુજરાતી ભાષાનું મેગેઝીન નથી.



યાજ્ઞિક વઘાસિયા

# સંપાદકની કલમે

## સાઠ અંકની યાત્રા

**ઉત્તમ હતું કે ભાગ્ય પર નૌકાને છોડવી હતી;**

**નાવિક શા કામનો હવા જે પારખી શકે નહીં!**

**- નાઝિર દેખૈયા**

અહા! કેટલી ગહન વાત! નાવિક હવાને પારખીને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય ના લઈ શકે, તો એ નાવમાં નાવિક હોવાનો કોઈ અર્થ ખરો? આપણી જીવન-નૈયાનું પણ એવું જ છે ને. આપણે પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લેવાનું ચુકી દઈએ, ને પછી દોષનો ટોપલો ભાગ્ય પર નાખીએ જ છીએ ને? પણ ભાગ્ય દ્વારા આપણને ઘણા મોકાઓ મળ્યા જ હોય છે, જે આપણે જ ચુકી ગયા હોઈએ છીએ.

કવર-પેજમાં કેટલું અદ્દ્ભૂત દ્રશ્ય ફોટોગ્રાફરે ઝીલ્યું છે. એક નાવિક પોતાની નાવ લઈને એકલો નીકળી પડ્યો છે. આપણે પણ એવા જ એક નાવિક છીએ ને? આપણે પણ જ્યારે કોઈનો સાથ ના મળે ત્યારે એકલા જ હિમત કરીને આપણી નાવ હંકારવી પડે ને? આપણા જીવનની જવાબદારી આપણે જ લેવી પડે ને?

માર્ચ એન્ડિંગનો સમયે તમે બધા હિસાબ સરભર કર્યા કે નહીં? કોઈને એપ્રિલ ફૂલ બનાવવા નીકળ્યા કે નહીં? તમારું એપ્રિલ-ફૂલ ફક્ત એપ્રિલ મહિનાની પહેલી તારીખ સુધી જ સીમિત છે? કે તમે એપ્રિલ મહિના સિવાય પણ એપ્રિલ ફૂલ બનાવો છો? તમે ક્યારેય ખુદને 'એપ્રિલ-ફૂલ' બનાવ્યા ખરાં? વિચારજો.

'પંખ'નો આ સાઠમો અંક છે. સાયન્સ-ફિલ્ડના યુવાનોએ ગુજરાતીપણાંને ઉજવવા શરૂ કરેલ 'પંખ' નામના મેગેઝીનને સર્જકો અને ભાવકોનો એટલો પ્રેમ મળશે કે ગુજરાતી ઇ-મેગેઝિન્સના ઇતિહાસમાં ક્યારેય ન બન્યું હોય એમ એ આટલી લાંબી સફર ખેડશે! પણ એ શક્ય બન્યું છે ફક્ત આપના કારણે. 'પંખ'ના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પણ વ્યુઅર્સનો પ્રેમ સતત મળતો રહ્યો છે. આપ સૌએ 'પંખ'ને વધાવ્યું, વખાણ્યું અને પોતાનું ગણ્યું, એ માટે 'પંખ' ટીમ  વતી હું આપ સૌનો આભાર વ્યક્ત કરું છું.

'પંખ'ને આ રીતે જ પ્રેમ આપતા રહેજો, અને પોતાનું સમજીને જરૂર લાગે ત્યાં વખાણો અથવા વખોડો એવી અપેક્ષા.

# જસ્ટ બે મિનિટ



ડૉ. રંજન જોષી

## રમકડું



સખત રડતી ઊર્મિલાને જોઇ સખીએ પૂછ્યું, "ઊર્મિ.. કેમ આટલું બધું રડે છે? ફરી બોસે...?!"

ઊર્મિલાએ વધુ બે ડૂસકાં ભરતાં કહ્યું, "જે થાય એ થવા દો બસ... બીજો કોઈ રસ્તો જ નથી..."

નિરાશ હૃદયે ઘરે આવેલી ઊર્મિલાને ડ્રોઇંગરૂમમાં રાખેલું રમકડું દેખાયું. તેણે સખીને મેસેજ કર્યો. "માણસના હાથનું રમકડું બની જીવવા કરતાં કુદરતના હાથનું રમકડું બની મોતને ભેટવું સારું. ગુડબાય એન્ડ ગુડલક."

બીજે દિવસે સવારે ઓફિસના વોટ્સએપ ગ્રુપમાં ઊર્મિલાની અવસાન નોંધ વાંચી સખી હેબતાઇ ગઇ. "ક્યાંક હવે હું તો ઊર્મિલા..?" અને તે પણ રમકડાં સામે ધારી-ધારીને જોવા લાગી.

# Connecting... કવિતા



જગદીશ જોષી

## અછાંદસ

જ્યારે ગ્રહોને રમાડવાનું
મન થયું
ત્યારે મેં એક પ્લેનેટોરિયમ બાંધી લીધું છે !

સ્કાયસ્ક્રેપરની
અગાસી પર
વાસી વસંતોને મ્હોરવા દીધી છે !

ભૂતકાળને મેં તસવીરમાં મઢી લીધો છે
અને એ તસવીરનું પ્રદર્શન કરી
મેં લોપ્યા છે કાળના સીમાડા.

એક સ્વીચ ઑન :
– અને બળબળતા ઉનાળામાં
ઊતરી પડી છે શીતળ અનુકૂળતા.

પાતળા તારમાં પૂર્યા છે શબ્દો
અને એને મુક્ત કરવાની
ચાવી મારા હાથમાં રાખી છે !

દવાની શીશીઓમાં
તંદુરસ્તી ભરી
મેં મૃત્યુ સામે પણ ચાલ ચાલી લીધી છે !

મારા બેચેન આકાશમાં
સૂર્ય-ચંદ્રને મેં સાથે પ્રગટાવ્યા… …

… … પણ
કોઇ તો કહો
– હું થીજી રહ્યો છું
કે ભડકે બળી રહ્યો છું ?



દલપતરામ

## ગીત

શિયાળે શીતળ વા વાય પાન ખરે ઘઉં પેદા થાય;
પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ધરે ચાવે તંબોળ.
ધરે શરીરે ડગલી શાલ, ફાટે ગરીબ તણા પગ ગાલ;
ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલી ભાત.

ઉનાળે ઊંડા જળ જાય, નદી સરોવર જળ સુકાય;
પામે વનસ્પતિ સૌ પાન, કેસૂડાં રૂડાં ગુણવાન.
સારા હોજ ફુવારા બાગ, પ્યારા ચંદન પંખા લાગ;
બોલે કોયલ મીઠાબોલ, તાપ પડે તે તો વણ તોલ.

ચોમાસું તો ખાસું ખૂબ, દીસે દુનિયા ડૂબાડૂબ;
લોક ઉચ્ચારે રાગ મલાર, – ખેતર વાવે ખેતીકાર.
ચંપા ચમેલી જૂઈ જાય, ફૂલ ગુલાબ ભલા ફુલાય;
છત્રી ચોમાસે સુખ માટ, ચાખડીઓ હીંડોળાખાટ.



# Connecting... કવિતા

ગૌતમ જાની

## ગીત

જગતભરનું તે જે દીધું એ વજનમાં વારતા છે,
જાળવીને હું કરું છું એ જતનમાં વારતા છે,

હું ઘણા ઉલ્લેખ, તથ્યો, રાઝ ને અફવાહ, વાતો-
સાંચવું છું કેમ કે એના કથનમાં વ◌ારતા છે.

એક શોધે પણ મળે બીજું અને જો વારતા હો
જાણજે કે ના થયા એ સૌ મિલનમાં વારતા છે.

પાપ,પશ્ચાતાપ,પીડા ને દુ:ખો પણ છે રહેલા,
મંત્રની સાથે જ હોમાતા હવનમાં વારતા છે.

સુર્ય, ચંદ્રો, તારકો છે જ્યાં લગી તું જોઈ શકતો,
તું નથી જે જોઈ શકતો એ ગગનમાં વારતા છે

તું જનમ લે ને મરે એ કૈં યુગોની છે મથામણ
કૈં જનમથી ચાલતા આવાગમનમાં વારતા છે.



બંસરી જોષી

# અંતરકેડી

## મઝધારે (ભાગ-૩)

પવિત્રા અને વિસ્મયા શાકભાજી અને ફળો લઈને ઘરે પરત ફર્યાં. વિસ્મયા તો વિચારોના થાકને કારણે સીધી રૂમમાં જઈને સૂઈ જ ગઈ.

**દ્રશ્ય:૭**

સાંજે સુબોધ ઓફિસથી ઘરે પાછો આવ્યો ત્યારે સાથે ચા પીતા-પીતા જ પવિત્રાએ સુબોધને મમ્મીથી ગત દિવસોમાં થઈ રહેલી ગરબડો વિશે સઘળી વાત કરી. સુબોધ પણ થોડીવાર તો આશ્ચર્યમાં પડી ગયો પણ અચાનક જ એને કઈંક યાદ આવ્યું અને એણે પવિત્રાને કહ્યું કે, "મને લાગે છે કે મમ્મીને પણ 'અલ્ઝાઇમર'ની બીમારી લાગુ પડી ગઈ હોય! કારણકે મારી ઓફિસમાં મારા એક કલીગે છેલ્લા બે અઠવાડીયાની રજા લીધી ત્યારે ઓફિસમાં એના વિશે ઘણી પૃચ્છા થયેલી. ત્યાર પછી મારા બોસે મને જણાવેલું  કે એમના પિતા 'અલ્ઝાઇમર'થી પીડિત છે ને એ બધું જ ભૂલી રહ્યા છે. એને કારણે એમનું કુટુંબ રોજબરોજની ઘટનાઓમાં પણ ખૂબ ખોરવાઈ રહ્યું હતું, એટલે થોડો સમય એણે માત્ર પોતાના પિતાની દેખરેખ માટે રજાની અરજી કરી દીધી.

પવિત્રા તો  આ વાત સાંભળીને ઘડીભર થંભી ગઇ અને વિચારે ચડી ગઈ, 'શું ખરેખર મમ્મી પણ આવી જ કોઈ સ્થિતિથી મૂંઝાતી હશે? શું એને પણ આ ગરબડોથી સમજાતું નહીં હોય કે આખરે આ બધું કેમ બની રહ્યું છે? જો એવું જ હોય તો હું કાલે જ એમને સારામાં સારા ડોકટરને બતાવવા લઈ જઈશ' મનોમન નક્કી કરી એણે સુબોધને પણ જણાવ્યું અને પછી રાતની રસોઈ માટે રસોડા તરફ ચાલી ગઈ. રસોઈ કરીને બધું કામ પરવારી એણે પોતાની ડાયરીમાંથી પોતાના ફેમિલી ડોક્ટરને નંબર લગાવ્યો અને એમની પાસેથી જ "અલ્ઝાઈમર"ના નિષ્ણાંત ડો. વીણા શર્માની એપોઇન્ટમેન્ટ લઇ લીધી.

**દ્રશ્ય:૮**

બીજે દિવસે વિસ્મયા સવારે આ વિષય પર કંઈ ઝાઝું જણાવ્યા વગર જ મમ્મીને સીધી ડૉ. વીણા શર્મા પાસે લઈ ગઈ. હોસ્પિટલમાં પહોંચતા જ ચારે તરફ લગાવેલાં મગજના ફોટાને અવાકપણે તાકી રહી અને પવિત્રાને પૂછ્યું, "આપણે અહીં કેમ આવ્યા છે બેટા? મને શું થયું છે પવિત્રા?"

એણે પોતાની મમ્મીને આશ્વાસનભર્યા સ્વરે કહ્યું, "કશું જ નહીં મમ્મી. તને યાદ છે, જ્યારે હું હીંચકા ખાતી-ખાતી બગીચામાં એક વાર પડી ગયેલી અને મને માથામાંથી ખૂબ લોહી નીકળેલું ત્યારે તું મને મગજના ડોક્ટર પાસે બતાવવા લઇ ગઈ હતી?"

"બેટા મને તો યાદ જ હોય ને પણ મને તો કોઈ લોહી નથી નીકળતું. તો તું મને શું કામ અહીં લઇ આવી છે?" વિસ્મયાએ સાવ નિર્દોષભાવે પોતાની દીકરી સામે જોઈ આ વાત પૂછી. પવિત્રાને પણ હવે એના ઉત્તરો દેવા સૂઝતાં નહોતા. થોડીવાર તો એ પોતાના બાળપણના અનુભવોમાં સરી પડી. "મમ્મી કેવી હેબતાઇ ગયેલી ત્યારે! પોતાના દુપટ્ટાને મારા માથે બાંધી રીક્ષા નહોતી મળી રહી, તો મને તેડીને જ ભાગેલી ને ડોક્ટર જ્યારે મારા ઘાવ પર ટાંકા લેતા હતા ત્યારે ધ્રુસકે ધ્રુસકે રડી પડેલી." વિચાર કરતા કરતા પોતે ખૂબ ઢીલી પડી ગઈ.



"જો મમ્મીને ખરેખર અલ્ઝાઇમર જેવી ભૂલવાની બીમારી હશે તો હું એમને કેવી રીતે સંભાળીશ? મારું દર્દ તો દેખીતું હતું, એનું તો આંતરિક હશે. આટલું ઊંડું દર્દ કે એની ઊંડી વ્યથાઓ હું કેમ કરી ને ખાળી શકીશ?'

વિસ્મયાએ પોતાની દીકરી પવિત્રાને રડતી જોઈને માથે હાથ મૂક્યો અને કહ્યું, "બેટા મને કશું જ નથી થયુ. મને તો લોહી પણ નથી નીકળતું ને..."

મા અને દીકરીની સંતાકૂકડી ખરેખર હૃદયદ્રાવી હોય છે. કદાચ બાળક અને પાલક વચ્ચે પણ આવો જ કોઇક અહોભાવ નિરંતર વહેતો રહેતો હોય છે. ક્યારેક બાળક પાલકને ઝંખતું રહે છે અને સમયને પેલે પાર ક્યારેક પાલક બાળકને ઝંખતો રહે છે. પોતાના વહાલસોયા દીકરા વિશેષની ગેરહાજરી એને હોસ્પિટલના એ દરેક ખૂણામાં અનુભવાતી હતી, પણ પવિત્રા જેવી સંવેનદનશીલ દીકરી પામીને વિસ્મયા પોતાને મનોમન ઘણું ધન્ય અનુભવી રહી હતી. એ સમજી કે દીકરો કે દીકરી હોવું ક્યારેય મહત્વનું નથી હોતું. સંવેનદશીલ સંતાન હોવું મહત્વનું હોય છે. ટાણે પડખે ઉભુ રહેનારું સંતાન મહત્વનું હોય છે. નમી ગયેલા ખભાને ટેકો દેનારું સંતાન મહત્વનું હોય છે. હોસ્પિટલનો દાદરો ચડતાં ધૂંટણ ન વળે ત્યારે હાથ દેનારું સંતાન મહત્વનું હોય છે. પુત્રપ્રાપ્તિ કે પુત્રીપ્રાપ્તિ તો બધાને થતી હોય છે. પણ એમના હોવાપણાની ઉપલબ્ધિ શું દરેક માતા-પિતાને થતી હોય છે? દીકરીઓ જ્યારે માતા પિતાના સંઘર્ષમાં જોડાઈ જતી હોય છે, ત્યારે આ 'જેન્ડર -બાયસ' બધા ચૂપચાપ થઈ જતા હોય છે. રહે છે તો માત્ર એક પવિત્ર અને નિસ્વાર્થ ઋણાનુબંધ. આ બધા વિચારોને મનોમન વાગોળતી વિસ્મયાની આંખો પણ ભીની થઇ ગઇ.

ત્યાં તો ડોકટરની કેબિનમાંથી ઘંટડી રણકી અને ડોકટરના દરવાજા પર લાગેલી નાની સ્ક્રીન પર એમનો ટોકન નંબર લખાઇને આવી ગયો. જે ટ્રેનનો અનુભવ કાલે પોતાની મમ્મીને થતો હતો, એવો જ કોઈ ટ્રેન છૂટવાનો અનુભવ આજે પવિત્રાને થઇ રહ્યો હતો. ભારે ગડમથલ સાથે બન્ને અંદર પ્રવેશ્યા... (વધુ આવતા અંકે...)



# વાર્તાનું આકાશ



હીરલ વ્યાસ

## કોથળી

"કોથળી જોઈએ છે બેન?"

"ના, છે."

"શાક ભરાશે ને?" -ભરેલી થેલી જોઇ શાકવાળીએ પુછ્યુ.

"હા..." -હા બોલતી વખતે શિખાની નજર શાકવાળીના બે બાળકો પર પડી.

એક ક્ષણ માટે એને શાકવાળીની ઈર્ષ્યાં થઇ. કોથળી શબ્દ સાંભળતી એટલીવાર ભૂતકાળ કોથળીમાંથી બહાર નીકળતો!

***

"હું બા બનું એના યોગ ક્યારે છે, જરા જોઈ આપોને?" -ઘરે આવેલા એક જ્યોતિષને બાએ સહસા જ પુછેલું. શિખા અને સૌમ્યના લગ્નને હજી વર્ષ પણ થયું નહોતું ને બાને ખુશખબર જોઈતી હતી.

"બસ જલ્દી જ તમે મને પેંડા આપવા આવશો." -દિકરા-વહુની કુંડળી જોઈને જ્યોતિષે બાને આશા બંધાવી.

***

"શું કહ્યું ડૉક્ટરે?" -બાએ આવતાવેંત પ્રશ્ન પુછેલો.

"ટેસ્ટ કરાવ્યા છે. રિપોર્ટ આવે એટલે ખબર પડે." -સૌમ્યએ ટૂંકમાં જવાબ આપ્યો.

બન્નેના ઉદાસ ચહેરા વાંચીને બાનું મન પણ આળુ થઇ ગયેલું.

"આપણે રિપોર્ટ કરાવીએ પછી કંઇ કહી શકું. પણ મને તમે જે સીમ્ટૉમ્સ કહ્યા એ પરથી મારું અનુમાન છે કે શિખા ક્યારેય કન્સીવ નહીં કરી શકે." -ડૉક્ટરે રિપોર્ટ-લીસ્ટ પ્રીસ્ક્રાઈબ કરતાં કહ્યું.





લગનના પાંચ વર્ષ પછી બાળક માટે આતુરતાથી રાહ જોતા શિખા અને સૌમ્ય હવે રિપોર્ટની રાહ જોવા લાગ્યા. રિપોર્ટ આવતા જ બાળક આવવાની શક્યતાઓ પર પૂર્ણવિરામ આવી ગયું. શિખાને ગર્ભાશયનું કેન્સર હતું. હવે બાળક માટે તો કોઈ શક્યના નહોતી પણ કેન્સર જેવા રોગ સામે લડવા માટે સજ્જ થવાનું હતું.

"બા શિખાને ગર્ભાશનું કેન્સર છે."-સૌમ્યએ ભારે હૈયે વાત કરી.

"એટલે? દવા કરો પછી તો એ..."

કેન્સર જેવા રોગનું નામ સાંભળી બાના પગ નીચેથી તો જાણે જમીન ખસી ગઇ.

"ના બા. શિખાનું ગર્ભાશય જ કાઢી નાખવું પડે. એ પછી દવાઓ અને કીમોથેરાપીની પીડાદાયક યાત્રા તો ખરી જ..."

"એટલે કોથળી જ કાઢી નાખવાની?!" -બાએ બહુ આશ્ચર્યથી પુછ્યું.

"હા. કોથળી જ કાઢી નાંખવી પડશે." -હું ક્યારેય મા નહીં બની શકું.

કેન્સર જેવો રોગ થયો છે એ વાત કરતાં'ય વધારે અફસોસ શિખાને મા ન બની શકવાનો હતો.

"કશો વાંધો નહીં. આપણે બસ હવે હિંમતથી કેન્સર સામે લડવાનું છે બેટા." -શિખાના માથે હાથ ફેરવતાં બાળકની સૌથી વધારે રાહ જોતા બા બોલ્યાં. ઑપરેશનથી લઇને કીમોથેરાપીના દરેક સેશન વખતે બાએ શિખાને જ બાળક સમજીને વિશેષ કાળજી લીધી.

ઑપરેશન પછી શિખા ઘરે આવી ત્યારે એક મહિનાનો 'બ્રુનો' એની રાહ જોઈ રહ્યો હતો. થોડા દિવસમાં તો એ શિખાનો હેવાયો થઇ ગયેલો. શિખા જલદી રીકવર થવા લાગી. ઘરમાં કૂતરું ન લાવવા માટેનો બાનો વિરોધ શિખાનું સ્મિત જોઈને ક્યારનો'ય જતો રહ્યો હતો.

અને આજે પણ ઘરનું બારણું ખુલ્યું કે તરત બ્રુનો પૂંછડી પટપટાવતો તેની પાસે આવી ગયો - મા પાછી આવે ને નાનું બાળક કરે એમ જ! શિખા બ્રુનોને વળગી પડી.

# વાર્તા-સેતુ



**તેજલ શાહ**

## યસ લાઈફ ઇસ બ્યુટીફૂલ

વાર્તાની લેખિકા છે,'વર્ષા અડલજા'.એમની સિદ્ધિ જ એમનો પરિચય.ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવતી વ્યક્તિ, વિશ્વના કોઇ પણ ખૂણે બેઠેલી હશે એમને માટે આ નામ જાણીતું અને પોતીકું જ હશે.એમના ટેરવેથી ફૂટેલી સંવેદનાઓના ઝરણ પ્રત્યેક વાચકને લાગણીથી તરબોળ કરી જાય.

સુધીરભાઇ અને નયનાબહેનના બે સંતાનના માતા પિતા છે.એક દીકરી છે - વૈશાલી જે રૂઢિયુસ્ત પંજાબી કુટુંબમાં પરણીને અમૃતસર વસી ગઈ છે.દીકરો છે વિનીત.એ અમેરિકા સ્ટેસીને પરણીને સેટલ થયો છે.વિનીતે પોતાના ઘડિયા લગ્ન લીધેલા.સ્વિટ્ઝર્લેન્ડની બરફાચ્છદિત ભૂમિ પર.નયનાબેને ફોટો જોયો ત્યારે ખબર પડી.વિનીત પરણીને એકવાર ઇન્ડિયા આવેલો અને એના પરણ્યા પહેલાં આ લોકો પણ અમેરિકા રહી આવેલા.

સ્ટેસી પ્રેગ્નેન્ટ છે, માટે વિનીત બંનેને અમેરિકા બોલાવે છે.

"તને એમાં ક્યાં વાંકું પડે છે?"

"તમને જ્યાં સીધું દેખાય છે મને ત્યાં વાંકું પડે છે બસ."

"જો નયના....."

"જોયું મેં મારી સગ્ગી આંખે એટલે મારી પોતાની જ આંખે જોયું, સાંભળ્યું, વાંચ્યું, એટલે જ તો મને વાંકુ પડે છે."

"જો નયના....."

"ફરી જો! કેટલીવાર જોવાનું!એકનાં એક દ્રશ્યો ફરી ફરી જોવાનાં?ચોમેર એક જ સિનારિયો.દીકરાને ભણવા મોકલો પણ એ ત્યાં સેટલ થઇ જાય,અમેરિકન વહુને પરણે, વહુ પ્રેગ્નન્ટ થાય. કોણ કરે સુવાવડ? એટલે સાંભરે માબાપ. વહુની અમેરિકન મા થોડી વેઠ કરવા આવે? લાંબા જવાબથી સંતોષ થયો? જાઉંને હવે! આજે અનીતાને ઘરે અમારી હાઉસી પાર્ટી છે."

સુધીરભાઈ ઢીલા પડી ગયા,

"તને વિનીતની વાત કરતાં અનિતાની હાઉસીની પાર્ટીમાં રસ છે?"

નયનાએ પર્સ બાજુ પર મૂક્યું અને સામે બેસી ગઈ. હવે આ વાત લાંબી ચાલશે.

"સુધીર હું તમને ક્રૂર લાગું છું ને! મારે દીકરાની પાસે જવું નથી, રૂપાળી વહુ સ્ટેસીની સુવાવડ સાચવવી નથી, એનાં સંતાનને રમાડવું નથી, કોઈપણ મા ઓળઘોળ થઈ જાય ખરુંને?"

સાડીની કિનાર સરખી કરવા નીચું જોઈ લીધું. ભીની આંખોની ચમક જોઈએ પતિ ક્યાંક નબળી ક્ષણ પકડી ન પાડે. તોય સ્વરમાં તો ભીનાશ ઊતરી જ આવી.

"સુધીર એવું નથી કે વિનીત ગયો પછી આપણે વલોપાત નથી કર્યો. આપણને પણ ગોઠવાતા વાર જ લાગી. હવે માંડ ગોઠવાયું ત્યારે પાછા....... તમને ગમશે તમારા ગાર્ડન ગ્રુપ વગર?'

સુધીરભાઈ પાસે જવાબ નહતો. નયનાબેન પણ ક્યાં ખોટા હતા?

માંડ બે છોકરાંની જવાબદારી, સાસરિયા-પિયરિયાના વ્યવહારો, સંબંધો, નાતજાતના વળગણો, રીતરિવાજોના કુંડાળામાંથી માંડ બહાર નીકળેલા. પાછું જવાબદારીનું પોટલું? એ જ વાસણ, લોન્ડરી, થોડું હરવા - ફરવાનું ને શોપિંગ ... અમેરિકન વહુને તે શેનાં શીરા અને કાટલું! તો ય ડિલિવરી અને નાના બાળકને સાચવવાનું. ઉજાગરા તો ખરા જ! વળી ત્યાં નોકર કેવા! અહીં જયશ્રી દિવસમાં બે વાર આવે, પાછી છૂટક મદદ પણ કરાવે. ભૂરા મહારાજની રસોઈ તો આંગળા ચાટી જવાય એટલી સરસ!

એ તો તો ય ઠીક પણ ન્યૂઝ પેપરમાં આવતાં કિસ્સાઓ, ટી.વી સિરિયલના લુચ્ચાં પાત્રો, વાર્તાઓ ...મા - બાપને બોલાવી કામ કઢાવવાની વાતો ક્યાં તો સંપત્તિ માત્રમાં રસ હોય ત્યારે બોલાવે.

નયનાબેન ઉતાવળે નીકળી ગયા. એક સમય હતો. બંને બાળકો ગયા પછી બન્નેએ એકમેકને સંભાળી લીધા હતા. નયના કહેતી હતી એમ જીવન સરસ ગોઠવાઈ ગયું હતું, ગયે અઠવાડિયે ક્લબમાં પ્રોગ્રામ હતો, જુની હિન્દી ફિલ્મના ગીતોનો જલસો પડી ગયો હતો, કેટલાક તો ઊભા થઈ નાચવા લાગ્યા હતા પછી પોઝિટિવ થિંકિંગ ના લેક્ચર અવસ્થીએ લાઇફ ઇઝ બ્યુટીફૂલ વિશે સરસ વાતો કરી હતી.

ત્યાં જ સ્ટેસીના શુભ સમાચાર અને અમેરિકા આવવાનો આગ્રહ. હમણાં છ મહિના અને પછી ત્યાં સ્થાયી થવાની ભાર પૂર્વકની વિનંતી. એક પછી એક ઇમેલ, તે મેટરનીટી લીવ ઉપર છે. તમને સાથે રહેવું ગમશે. મમ્મી તું પણ જો તારો લાડકવાયો દીકરો કેટલો બધો ડાહ્યો થઈ ગયો છે. વ્હોટ્સ એપ પર ફોટો, વેક્યૂમ ક્લીનીંગ કરી રહ્યો છે અને બેબી બમ્પ સાથે સ્ટેસી સ્મિત કરી રહી છે.

"જોયોને ફોટો ડિયર હસબન્ડ! ત્યાં જઈને આ ભારે ભરખમ મશીન ચલાવશો?"

સુધીરભાઈ ખુશખુશાલ ફોટો જોઈ રહ્યા હતા.

"ચલાવીશ ચલાવીશ કયૂં નહીં! જો તો ખરી દીકરો કેવો ડાહ્યોડમરો છે."

"હા ડાહ્યો ખરો અને એની વહુ પણ ડાહી ખરી, ફોટો કહે છે ને કે અમે આવા કામ કરીએ છીએ તમે હવે આવો મદદ કરવા."

વૈશાલી આવી અને બેગ તૈયાર કરી અને બંને રવાના થયા. જવું તો પડ્યું જ.

એરપોર્ટ પર સ્ટેસી આવી ન શકી. નયનાબેનને ખટક્યું તો ખરું જ. સુધીરભાઈએ નયનાબેનને ધરપત રાખવા કહ્યું.

ઘરે પહોંચ્યા પછી સ્ટેસીએ બંનેને ઉમળકાભેર સ્વાગત કર્યું. ઇન્ડિયન રેસ્ટોરાંમાં જમવાનું, શનિ રવિમાં દૂર ફરવાનું ને મજામાં વીતતા દિવસો.થોડો વખત તો આમ જ ચાલ્યું. પછી નયનાબેનને સ્ટેસી અને વિનિતના રૂમમાંથી મા - પા એવાં શબ્દો વારંવાર સાંભળવા મળ્યાં. શું હશે? અમારે લીધે તો બંને વચ્ચે ઝઘડો નહિ થયો હોય? કદાચ હરીફરીને મિલ્કત લઈ લેવાની દાનત હશે? અજંપો અનેકગણો વધી ગયો જયારે સ્ટેસીએ નયનાબેન સાથે એકાંતમાં વાત કરવાની ઈચ્છા દર્શાવી.



મનુષ્ય મૂળે જીવ જ એવો. સારું વિચારવાની કોશિશ કરે એ પહેલાં નકારાત્મકતાના ન્હોર એને ઘાયલ કરી ચૂક્યાં હોય. વ્હેમ અને શંકાની દીવાલ બીજી બાજુ જોવાની તક ઝૂંટવી લે!કોઈની સાથે ખરાબ થયું હોય એટલે એનું પુનરાવર્તન થાય એવું જરૂરી તો નથી ને! બની શકે કે સ્ટેસી નયનાબેનના કોઈ હિતની વાત કરવાની હોય, સ્ત્રીસહજ મૂંઝવણનું સમાધાન જોઈતું હોય.એ લોકો કાયમી ધોરણે એમની સાથે રહેવા આવે એવી પ્રસ્તાવના પણ હોય. ના, ના. દુનિયામાં ગળે ન ઊતરે એવાં કેટલાંય કિસ્સા બને છે. એમાં ક્યારેક આપણો વારો પણ પડી જાય. પોઝિટિવ -નેગેટીવ બંને કિનારા તરફ ફેંકાતા અંતને કયો કિનારો ગમશે? કદાચ એ શીર્ષકનો વિસામો લે એવી શક્યતા વધુ દેખાય છે. કાંટા સાથે ફૂલ હોય, કાદવ વચ્ચે કમળ હોય અને અગણિત અભાવો સાથે પણ "યસ લાઈફ ઈસ બ્યુટીફૂલ"



**રાજુલ ભાનુશાલી**

# તમને મળ્યાનું યાદ

**જે સુખ ચાખી શકીએ એ**
**આપણને જીવાડે છે.**

દેવભૂમિ દ્વારકાના કવિ શ્રી જય સુરેશભાઈ દાવડા વ્યવસાયે શિક્ષક છે. ૨૦૧૧થી એમણે લખવાનું શરૂ કર્યું હતું. તેઓ કહે છે કે, "ત્યારથી ધીરેધીરે સાહિત્ય પ્રત્યેની સમજ કેળવાતી ગઈ છે. મારી અત્યાર સુધીની યાત્રામાં માર્ગદર્શક તરીકે મુખ્યત્વે સુરતના કવિ મેહુલ પટેલ 'ઈશ'નું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. હાલ ગીત અને ગઝલ પર કામ કરી રહ્યો છું. ભવિષ્યમાં ગુજરાતી સાથે અન્ય ભાષાના વિવિધ સાહિત્યપ્રકારો પર કામ કરવાની ઈચ્છા છે."

'મિડ ડે' દૈનિકમાં કવિ હિતેનભાઈ આનંદપરા દ્વારા ચલાવવામાં આવતી કૉલમ 'અર્ઝ કિયા હૈ' તેમજ 'ચિત્રલેખા'ની 'પલક' નામની કોલમમાં એમની કૃતિઓ સ્થાન પામી ચૂકી છે. કવિ શ્રી અનિલભાઈ ચાવડા ગુજરાત સમાચારની 'રવિપૂર્તિ'માં આવતી પોતાની કૉલમ 'અંતરનેટની કવિતા'માં જયભાઈની કવિતાનો આસ્વાદ કરાવી ચૂક્યા છે. લતાબહેન હિરાણી દ્વારા ચલાવવામાં આવતા 'કાવ્યવિશ્વ' ઈ બ્લોગમાં પણ એમની સાહિત્ય કૃતિઓ છપાઈ છે અને તે ઉપરાંત એમણે બે મુશાયરા પણ કર્યા છે. આજે 'તમને મળ્યાનું યાદ'માં આજે આપણે જયભાઈની ગઝલ માણીશું.

**જો ફૂંક કૃષ્ણની નથી તો વાંસળી? રફેદફે!**

**જો સ્પર્શ ઈશનો નથી તો જિંદગી? રફેદફે!**

**જો ભાવ ભીતરે નથી તો માનવી? રફેદફે!**

**જો શબ્દસાધના નથી તો શાયરી? રફેદફે!**

**ભલે કરું હું લાખ યત્ન બીજને ઉગાડવા,**

**જો સત્વ ભૂમિમાં નથી તો વાવણી? રફેદફે!**

**છટાથી જિંદગીનો રથ ચલાવવાથી શું થશે?**

**જો માર્ગની ખબર નથી તો સારથિ? રફેદફે!**

**ઘટી જવાનું માન જો કહું કશું કરું કશું,**

**જો વાતમાં વજન નથી તો પાઘડી? રફેદફે!**

**~ જય સુરેશભાઈ દાવડા**

રફેદફે એટલે ખેદાનમેદાન; ઊલટસુલટ; આઘુંપાછું; ઊંધુચત્તું; છિન્નભિન્ન; તોડજોડ; ફનાફાતિયા; પાયમાલ; ખરાબખસ્ત; અસ્તવ્યસ્ત; વેરવિખેર. કેટલા બધા અર્થોથી સભર શબ્દ!

***

**જો ફૂંક કૃષ્ણની નથી તો વાંસળી? રફેદફે!**

**જો સ્પર્શ ઈશનો નથી તો જિંદગી? રફેદફે!**

મેઘધનુષના રંગો છૂટ્ટા પાડવા બેસીએ તો એને જોવાનો આનંદ ચાલ્યો જાય. એ રંગો છે, એટલે આનંદ છે. એક જ રંગ હોત તો એનો અર્થ હોત? સાત રંગોનું સંયોજન છે, એટલે અર્થ છે. કૃષ્ણની ફૂંક છે તો વાંસળીનું હોવાપણું સાર્થક છે. કૃષ્ણ એટલે કે ઇશ સૃષ્ટિના કણેકણમાં છે. એ છે તો જીવ સ-જીવ છે, એ ન હોય તો અ-જીવ!

***

**જો ભાવ ભીતરે નથી તો માનવી? રફેદફે!**

**જો શબ્દસાધના નથી તો શાયરી? રફેદફે!**

મનુષ્યના ભાવ અનાદિકાળથી સ્થાયી છે. ભાવ અને સર્જનાત્મકતા વચ્ચે પાક્કી દોસ્તી છે. સર્જનાત્મકતા ઉંડાણ અને ઊંચાઈનો અનુભવ કરાવે છે. માણસમાં જો ભાવ ન હોય તો એ પશુની કક્ષાએ આવી જાય. ભાવાવસ્થા એટલે ભાવથી છલોછલ હોય એવી અવસ્થા. ભાવાવસ્થા પૂર્ણ જાગૃતિની અવસ્થા છે. સર્જન એવી ભાવાવસ્થામાં જ થાય ને એ અવસ્થા મેળવવા સાધના કરવી પડે. ભાવશૂન્ય વ્યક્તિ બહુ જલદી વેરવિખેર થઇ જતી હોય છે.




**ભલે કરું હું લાખ યત્ન બીજને ઉગાડવા,**

**જો સત્વ ભૂમિમાં નથી તો વાવણી? રફેદફે!**

દુનિયામાં અનેક પ્રકારના સુખ હોય છે. એમાંથી ઘણા તો આપણે ચાખવા પણ પામતા નથી. જે સુખ ચાખી શકીએ એ આપણને જીવાડે છે. પરંતુ અમુક એવા પણ હોય છે કે જે પોતાના દુઃખના પ્રેમમાં પડી જતાં હોય છે. એ અવસ્થામાં રહેવું એમનો મનગમતો શોખ હોય છે. જે નથી એ વિચારીને વધુને વધુ દુઃખી થવું એ એમનો સ્વભાવ બની જાય છે. છે એની કદર કરશું તો એ વધતું જશે - સુખી થવાનો આ સીધો ને સરળ સિદ્ધાંત છે. આટલી સરળ વાત પણ જે ન સમજે એમના માટે કોઈ કશું કરી શકતું નથી. ભૂમિમાં જ સત્વ ન હોય તો પછી ગમે એટલું ઉંચી જાતનું બીયારણ વાવો, બીજ નહીં જ ઊગે.

**છટાથી જિંદગીનો રથ ચલાવવાથી શું થશે?**

**જો માર્ગની ખબર નથી તો સારથિ? રફેદફે!**

છટા ક્ષણિક છે. છટાને અંતે થાક અને કંટાળો છે. છટામાં આપણે તાત્કાલિક ખીલીએ છીએ પણ ફરી પાછા કાગળના ડૂચા જેવા હતા એવા થઈ જઈએ છીએ. મૂળ કશીક ઉણપ આપણામાં જ હોય તો એ શોધવી જોઈએ. જિંદગીનો રથ માત્ર 'છટા'ના ગુણ સાથે નથી ચાલી શકતો. છટા અસ્થાયી ગુણ છે, માત્ર એના દ્વારા લક્ષ્ય સુધી ન પહોંચી શકાય. એકાગ્રતાથી કાર્ય થાય તો જ લક્ષ્ય સુધી પહોંચી શકાય. લક્ષ્ય નિશ્ચિત હોય તો જ એકાગ્રતા આવે. આંખ લીલીછમ થઈ જાય ત્યાં સુધી વૃક્ષોને જોયા કરવું એ એકાગ્રતા. કોઈ પણ કાર્ય એકચિત્તે પૂરૂં કરવાની વૃત્તિ કેળવાય તો જ દરેક પરિસ્થિતિમાં માર્ગ શોધી શકાય. આ જ જીવનસાધના છે. કોઈ પણ સાધના જીવનસાધના વગર પરિપૂર્ણ ન થઈ શકે. આપણા જીવનરથના સારથી આપણે ખુદ બનવું પડે. 'અધૂરો ઘડો, છલકાય ઘણો' -જેવી કહેવતો આવા સામો માણસ છક થઈ જાય એવી બોલવા, ચાલવા, લખવા અને કામકાજ કરવાની રીતથી કામ કરતાં લોકોને ધ્યાનમાં રાખીને જ કહેવાઈ હશે.



**ઘટી જવાનું માન જો કહું કશું કરું કશું,**

**જો વાતમાં વજન નથી તો પાઘડી? રફેદફે!**

કેટલાક લોકો ભારે ઉસ્તાદ હોય છે. એટલે કે એમને એમ હોય છે કે તેઓ ભારે ઉસ્તાદ છે અને બીજાને બાટલીમાં ઉતારી જાણે છે. તેઓ બોલબચ્ચન હોય. કહે કશું અને કરે કશું. સ્વાર્થ હોય ત્યારે બધું કબૂલ રાખે. કામ પતી જાય પછી બોલ્યું બધું ફોક. પાછું આવું વારંવાર કરતા હોય. તેઓ પોતાની ઉસ્તાદગીરી પર મુસ્તાક હોય છે, એમને એમ કે સામેવાળાને કશું જ સમજાયું નથી કે સમજાતું નથી. પણ એવું નથી હોતું. ક્ષુલ્લક સ્વાર્થોની પકડમાથી છૂટવાનું સહેલું નથી. વારંવાર આવું કરતા રહેવાથી એમની વાતનું વજન પડતું નથી. એમનું કોઈ માન પણ હોતું નથી. કારણ કે, બધા એને ઓળખતા હોય છે. અવિનય એક માણસ બીજા માણસ સાથે જ કરે એ એવું નથી. જે લોકો કહે કશું અને કરે કશું એ ખુદનો જ અવિનય કરતાં હોય છે. જે ખુદનો જ અવિનય અચકાયા વગર કરે એનું માન શું? પાઘડીને આપણે ત્યાં માનસન્માનનું પ્રતીક ગણવામાં આવે છે. આવા લોકોએ પાઘડી પહેરી હોય તોય શું? પોતાની જીભથી જે ફરી જાય એની આબરુ તો આમે રફેદફે ગણાય.

***

કવિ સંવેદનનો શિલ્પી હોય છે. એ શબ્દોના ઢગલામાંથી મનગમતા શબ્દ ચૂંટે છે, એમાં સંવેદન ભરે છે ને એક કવિતા અવતરે છે. 'રફેદફે' જેવો રફટફ શબ્દ રદ્દીફ તરીકે લઈને કવિએ ગઝલનું સરસ શિલ્પ કંડાર્યું છે. આગળ પણ કવિની કલમે બળકટ કવિતા અવતરતી રહો.

અસ્તુ.



અર્ચિતા દીપક પંડ્યા

# તડકા ભીનાં મૃગજળ

ગયા અંકમાં આપણે જોયું કે...

મૃગા કિંકર્તવ્યમૂઢ છે, કોઈનો સાથ નથી એવું લાગતા એકલી પડી જાય છે. સાસરે ધર્માનંદબાબાની પધરામણી લીધે જવું એના કરતાં પોતાનાં કામ પર ધ્યાન આપી કચ્છ જવાનું નક્કી કરે છે. અનિક સાથે ફોન પર વાત નથી થઈ શકતી પણ શૂટિંગ કેન્સલ થયું છે એ ખબર પડે છે, કે થોડી જ વારમાં જાણમાં આવે છે કે મૌલિન એ જ વિસ્તારમાં હતો. કદાચ મૌલિને જ.. હવે આગળ..

**પ્રકરણ-૯ સમયની રેત, રેતઘડીમાં કેદ**

- "હાસ્તો! નસીબ બે ડગલાં આગળ તે આનું નામ!"
- "અરે, ચિંતા ન કર, શૂટિંગ વાવાઝોડાંની આગાહીને લીધે મુલતવી રખાયું છે, બંધ નહીં! કામ ડાઉન! સી યુ લેટર..."
- "ઓ કે બાબા, વિલ મીટ નેક્સ્ટ વીક."

કહીને અનિકનો ફોન મૃગાએ મૂક્યો અને એણે પ્રસંગ પ્રમાણે ડ્રેસ અને સાડીની પસંદગી કરીને મૌલિનના ઘરે જવાની તૈયારી કરી લીધી. સાવ નવેસરથી સાસરે જતી હોય એમ એનું કાળજું જરા ફફડ્યું. મૃગા મજબૂત મન કરી એના નામ સાથે જોડાઈ ગયેલ અટકને સાર્થક કરવા ચાલી નીકળી સાસરે! પારુમાને જોતા જ ચરણસ્પર્શ કર્યા.

"ભગવાન તારી સાથે રહે."

મૃગા નાનપણથી આ જ આશિર્વાદ સાંભળીને મોટી થયેલી, એ જ શબ્દો કાને પડતાં એનું હૈયું ભરાઈ આવ્યું.

"તું પણ આવી જઈશ ને મા?"

"હા. મારો પ્રસાદનો ઓર્ડર તૈયાર થઈ જાય એટલે આવું. પછી માણસો પ્રસાદ પહોંચાડી દેશે. બીજું કોઈ કામ હોય તો ફોન કરજે..."

મૃગા સાસરે પહોંચી. બગીચામાં ઈવેન્ટ મેનેજમેન્ટની ટીમ સાથે ચાલી રહેલી મીટિંગે એનું ધ્યાન ખેંચ્યું. ઘણાં લોકો વચ્ચે પણ સસરા એક મોટા વગદાર બિઝનેસમેન તરીકે એમની પ્રતિભાને લીધે અલગ તરી આવતા. કડક શાહજાદા બ્રાન્ડ ઝભ્ભા પર બંધ ગળાની કોટી, ઊંચાઈ અને પ્રમાણસર શરીર એમના પ્રભાવમાં વધારો કરતું. "પળવારમાં માણસ પારખી જનાર એ વ્યક્તિ મારા મનની વાત જાણી લેશે તો?"

મૌલિનથી અલગ થવા મથતી મૃગા ખમચાઈ. દૂરથી દેખાયું કે સસરા અભિલાષભાઈએ બગીચામાં પ્રવેશદ્વાર પાસે એકસરખા કમળ આકારના કૂંડા ગોઠવવા માળીને સૂચના આપીને ટીમ જોડે વાત કરતા હતા. અચાનક માળીના હાથમાંથી કૂંડું છટક્યું. અભિલાષભાઈએ તો ગુસ્સે થઈને માળી પર હાથ ઉપાડવાનું જ બાકી રાખ્યું.

"હાથ ભાંગી ગયા છે? આવા એકસરખા કૂંડા ક્યાંથી મળશે હવે? ધ્યાન રખાતું નથી..?"

મૃગાને થયું કે એ ખોટા સમયે આવી. અભિલાષભાઈ એમના ગુસ્સા માટે જાણીતા હતા. એમનું ધાર્યું ન થાય કે પછી એમને ન ગમે એવું કામ થાય, તો દુર્વાસામુનિ બની જતાં. મૃગા તો એકદમ સ્થિર બની ત્યાં ઊભી રહી ગઈ. એટલું જ નહીં, બધા સ્તબ્ધ થઈ અટકી ગયા.

માળી કરગરીને માફી માગવા લાગ્યો. મૃગા ગભરાટમાં પાછી ફરી જાત, પણ સસરાએ ક્ષણ પહેલાનો ગુસ્સો છોડીને તેને બોલાવી.

"આવ બેટા મૃગા, કેમ ઊભી રહી ગઈ? તારી જ રાહ જોવાય છે. હવે આ પ્રસંગ માટે નિર્ણય બધા તારા! તું ગૃહલક્ષ્મી છે, સંભાળી લે હવે..."

મૃગાને સામાન્ય થતા થોડી સેકન્ડ લાગી, એ પગે લાગવા જતી હતી, પણ અભિલાષભાઈએ એને રોકીને વહાલ કર્યું. તે વખતે મૃગાને ક્ષણિક થયું કે એણે જીવન પ્રત્યે ક્યાં કોઈ ફરિયાદ રાખવી જોઈએ? એનો ડર જતો રહ્યો અને હોંશે હોંશે ટીમ જોડે પ્રસંગ માટેના નિર્ણયો લેવા લાગી. મૃગાનું મન આનંદથી ભરાઈ ગયું. ધર્માનંદબાબાનો ઉતારો, પ્રવચનની જગ્યા, પ્રભુનું સ્થાપન બધા જ નિર્ણયો માટે અભિલાષભાઈએ મૃગાનો અભિપ્રાય જ લીધો.

કલાકમાં તો ઈવેન્ટ મેનેજમેન્ટની ટીમને કામ સોંપાઈ ગયા. અભિલાષભાઈએ મૃગાના માથે હાથ મૂકીને કહ્યું, "તું આવી ગઈ બેટા, ખૂબ ગમ્યું. તારા સાસુ તારી ખૂબ રાહ જુએ છે..."

"જી પપ્પાજી. હું એમની પાસે જ જઉં છું."

મૃગાની ચાલમાં ઝડપ આવી, જ્યારે એણે દૂરથી ગેલેરીમાં સાસુ રન્નાબેનને જોયા. વ્હીલચેરમાં બેઠેલી ખુશી પણ મૃગાને જોઈને 'ભાભી ભાભી' બૂમ મારતી તાલી પાડતી રહી અને મૃગાએ પર્સમાંથી

ગોવાથી ખરીદેલી માળા નણંદને પહેરાવી. ખુશી આનંદમાં આવી ગઇ અને માળાથી રમતાં રમતાં

"થેન્ક યુ ભાભી... સ્વીટ ભાભી..." - એમ બોલતી રહી. રન્નાબેને પણ મૃગાને વહાલથી છાતીએ વળગાડી.

"કેટલા વખતે મળ્યા દીકરી? મને લાગ્યું કે તું તો ઘર પણ ભૂલી ગઇ હોઈશ! તારા માટે ચા બનાવવાનું કહી રાખ્યું છે. આવ, ડાઈનિંગ ટેબલ પર જઈએ..."

મૃગા ઝંખવાઈ, પણ હસવામાં એના મોં પરની અસમંજસ જતી રહી. "મમ્મીજી શું તમે પણ! ચા તો નથી પીવી, પણ હું પહેલા જરા ઉતારાની જગ્યા જોતી આવું..."

"અરે.. એ તો થયા કરશે. બધા માણસો જૂના અને વિશ્વાસુ છે. થોડી વાર પછી જજે. આજે સાંજે બાબાના ખાસ ભક્તો પણ આવી જવાના છે. મૌલિન જો કે કાલે વહેલી સવારે આવવાનું કહેતો હતો, એટલે તું આવી ગઈ, સારું થયું."

"મૌલિન... બહારગામ છે? એણે મને કહ્યું જ નહોતું કે.. "

"હા, પાર્ટીના કામે અચાનક જવાનું થયું.. "

"અચ્છા!"

"આટલી નાની ઉંમરમાં મૌલિન ઘણું સારું કામ કરી રહ્યો છે. એને કોઈ ને કોઈ કામ આવી જ જાય છે..."

"હં.... અહીંના કામકાજમાં હવે શું બાકી છે મમ્મીજી?" મૃગાએ મનના અટવાતા પ્રશ્નોને ધક્કો માર્યો અને પૂછ્યું.

"બસ, આમ તો બધું સરસ રીતે ગોઠવાઇ ગયું છે. આપણાં મહેમાનો સવારથી આવી જશે. આ વર્ષે કોરોનાને લીધે બાબાની પધરામણી શક્ય નહોતી, પણ ભગવાનની મહેરબાની થઇ ગઇ. એક કામ કર, તું પહેલા તારા રૂમમાં જઇ સામાન ગોઠવી દે."

"હા મમ્મીજી..“ બાબા માટે અશ્રદ્ધા ધરાવતી મૃગાએ ટૂંકાક્ષરી ઉત્તરમાં પતાવ્યું.

પોતાના ઓરડામાં પહોંચતી વેળા મૃગા ઘરમાં ફરી વળી. સફાઇ માટે ઘરના નોકરોને જરૂરી સૂચનો કરવા લાગી. એ વિચારમાં પડી ગઇ, મૌલિનથી છૂટા પડવાનો એને વિચાર આવ્યો, પણ ઘર તો પોતીકું લાગતું હતું. લાગતું જ નહોતું કે એ લાંબા સમય પછી ઘરે આવી છે? બધું જ મારું લાગે

છે, તો મૌલિન કેમ નહીં? શું એની મૌલિન પ્રત્યેની અપેક્ષા વધારે પડતી હતી? છતાં મૌલિન અને એની વચ્ચે એવું શું છે, જે જોડી રાખે છે, પણ અંતરથી એક નથી થવા દેતું?

"મૃગા!"

શૈલાના અવાજે એને ચમકાવી.

"ઓહો, તો તું સત્સંગમાં હાજરી આપવાની એમને?"

"હાસ્તો. કામ પૂછવા આવી છું. જરૂર હોય તો કહેજે."

મૃગા કાનની નજીક મોં લઇ જઇને બોલી,

"કોઇ બાબા આવે એમાં શું આટલું બધું કરવાનું?"

"શ... શ... જો જે અહીં તો બધા ભગત છે એમના! પાછા ત્રિકાળજ્ઞાની છે."

"મને તો આવી પર્સનાલીટીની નજીક જવાનો જ ડર લાગે છે. કેવા જશે મારા ત્રણ દિવસ? તું આવવાની છે એ સારું છે. પ્રથમ જોડે વાત થઇ હતી? ક્યારે આવવાનો?"

"કાલે સવારે આવશે એમ કહેતો હતો."

"બોલો.. છે ને? ઘરનો દીકરો પણ કાલે આવશે, અને હું અહીં આજથી જ પૂરાઇ ગઇ!"

"હા હા હા.. એનું નામ જ સાસરું, મૃગા!"

"બેસ હવે, સાસરાની અનુભવી!" બંને બહેનપણીઓ હસી પડી અને બાકીની વ્યવસ્થા જોયા પછી બંને છૂટાં પડ્યાં.

સમયને સરકતા ક્યાં વાર લાગે છે? મૃગાએ નોકરી માટે શહેર છોડ્યું અને પાછી પણ આવી ગઇ. લગ્ન પછી સાસરાથી અલગ જ ન થઇ હોય એ રીતે એ ફરી પાછી ભળી ગઇ. એના મને એને ટપારી,

"સસરા થોડા આકરા છે, પણ પ્રેમાળ પણ છે. સાસુએ તો મા કરતા પણ વધારે પ્રેમ આપ્યો છે, તો આ બધું છોડવા કેમ તૈયાર થઇ ગઇ?"

એનો બચાવ તૈયાર હતો,

"મને વાંધો તો મૌલિન સામે છે. એણે મને પ્રપોઝ કરતી વખતે રોમાંચક ક્ષણો આપી, અને લગ્ન પછી? એના રાજકારણ, પાર્ટી, પાર્ટી અધ્યક્ષ બનવાના સપનામાં જ જીવવા લાગ્યો. પપ્પાજી પણ એને રાજકારણ

તરફ જ દોરતા હતા ને? બસ, સત્તાની ભૂખ, શક્તિશાળી બનવાની ઝંખના એ જ જીવન હોય એમ!" અકળામણમાં ગતિથી ચાલતા પગ પોતાનો ઓરડો આવતા થોડા અટક્યા. પ્રવેશ કરતા જ મૃગાથી નિઃસાસો નંખાઈ ગયો, જ્યારે એના ઓરડામાં બંનેની સુંદર આદમકદ તસ્વીર લગાવેલી જોઈ.

"કાશ, હજુ આવો પ્રેમ અનુભવમાં પણ હોત!"

મૃગા પર્સને બેડના સાઈડટેબલ પર મૂકવા ગઈ ને એનો હાથ અટકી ગયો. ટેબલ પર એનું પોતાનું બ્રેસલેટ હજુ ત્યાં જ હતું. એનું ક્લચ, સ્ટોલ અને વોચ બધું જ જેમનું તેમ પડ્યું હતું. મૃગાનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. "શું મૌલિન હજુ પણ મને પ્રેમ કરતો હશે? એ હજુ સુધી મારી રાહ જોતો હશે? પણ એણે મને ક્યારેય કહ્યું કેમ નહીં?" મૃગા અટકી ગઈ. પોતાની બંધ પડેલી વોચમાં એ સમયના વહાણાને જોવા મથી રહી. કોલેજકાળમાં એ મૌલિન પર અમસ્તી નહોતી મોહી પડી. એ ઊંચો, કદાવર અને દેખાવડો હતો. એ ઉપરાંત એની એવી 'ઓરા' હતી, કે એ જલ્દી કોઈનો માનીતો થઈ જતો! તો પછી કેવી રીતે આ અંતર પડી ગયું? મૃગા પણ મૌલિનને ગમતી જ હતી. કોઈને ભાવ ન આપનાર મૌલિને, કોલેજ પિકનિક વખતે સરેઆમ એના પ્રેમનો એકરાર કરેલો. મૃગાના મનમાં સ્મૃતિ રમવા લાગી.

મૃગા તથા મૌલિને સાથે ખરીદેલી રેતઘડી મૌલિનના ટેબલ પર પડી પડી અત્યારે જાણે મશ્કરી કરી રહી હતી. મૃગા હાથ લંબાવીને ઘડીને લેવા ગઈ., ત્યાં પાછળ કોક પડછાયો ડોકાયો. મૃગા ચમકી. એના હાથમાંથી રેતઘડી છટકી. તૂટેલી ઘડીમાંથી રેત ઢોળાઈ ગઈ. મૃગા રેત અને ઘડીના અવશેષ ભરવા લાગી. આવનાર એને મદદ કરવા નીચે નમી ગયું. બંનેનાં હાથનો સ્પર્શ જાણીતો લાગ્યો. ગભરાયેલી મૃગા બોલવા લાગી,

"સો.....રી.." મૌલિને હાથ પકડી લીધો. એ મજબૂત પકડથી મૃગા સ્તબ્ધ! મૃગા મૌલિનની આંખોની ભાષા સમજવા પ્રયત્ન કરી રહી, ત્યાં જ પોતાના નામની બૂમ સંભળાઈ. મૃગા હાથ છોડાવી, નજર ચોરીને બહાર ભાગી તો ખરી, પણ આંખો એનો પીછો છોડી ન્હોતી રહી. શું હતું એમાં? રાહ, ફરિયાદ, પ્રેમ કે પછી તિરસ્કાર?

(વધુ આવતા અંકે)



## દોલત ભટ્ટ

# REWINDING...

## કદર

કરણુકી નદી આમ તો નાનકડી. પ્રવાહેય પાતળો પણ એનો કાંઠો બારેય માસ લીલો કુંજાર રહેતો. કરણુકીનો કાંઠો ચરી એનાં ટોપરાં જેવાં પાણી પીને પશુઓ ગામમાં પાછાં વળતાં. આવી રૂપકડી કરણુકીના કાંઠે ગરણી ગામ આવેલું છે. ગરણી ગામ તો ખોબા જેવડું પણ એની રૂડપ ઊડીને આંખે વળગે એવી.

ગામમાં વસનારાં માણસો ઓલદોલ. તેમાં સૌ કરતાં સવાયો એક આદમી વાલો. જાતનો ચારણ. તેનો ધંધો ઘોડા વેચવાનો અને લેવાનો. નાનપણથી જ એને ઘોડા સાથે ભારે હેતપ્રીત. અરબી, પંજાબી, કચ્છી અને કાઠિયાવાડી ઘોડાઓ વાલા કેસરિયાના તબેલામાં હણહણાટી કરે. આવો વાલો કેસરિયો એક દિ' વડોદરામાં જઈને ઊભો રહ્યો. મીટ મંડાતાં જ મન ઠરી જાય એવા ઘોડા જોઈને સૌ રાજી રાજી થઈ જાતાં. હજાર રૂપિયાની વાંસણી કેડ્યે બાંધીને નીકળેલા કેસરિયાની વાંસણીમાંથી વાટખરચીમાં પાંચ સો તો વપરાઈ ગયા હતા. એક પણ ઘોડો ખપતો નો'તો. એની કિંમત સાંભળીને સૌ પાછાં વળી જતાં.

આખરે કેસરિયાએ વડોદરાને રામ રામ કરીને ગરણી ભેગા થઈ જવાનો નિર્ણય કર્યો.

વડોદરા ઉપર ભગવાન સૂરજદાદાનાં તેજ પથરાવા માંડ્યાં છે. જાતવંત પાંચ ઘોડાઓને દોરીને વાલા કેસરિયાએ વડોદરાને વેગળું મૂકવા પગ ઉપાડ્યા. પાણીપંથા ઘોડાઓ અને પાછા વગર અસવારના, પછી એની ચાલમાં પૂછવું શું? કેસરિયાએ એક ઘોડા ઉપર રાંગ વાળી. બાકીના પાંચેય ઘોડાઓ એની ફરતા થનગનતા ચાલવા માંડ્યા. જાયદી ખજૂરની પેશી જેવો વાન, હાથ મૂકો તો લપસી જાય એવી સુંવાળી ચમકતી ચામડી. કાન સોરીને દોડ્યે ચડાવતા.

જાણે ભગવાનને ઘરેથી મલમલ ઓઢીને આવ્યા હોય એવા ઘોડાઓ રમતે ચડ્યા છે.

વાલાનું મન આજ વડોદરા માથેથી ઊઠી ગયું છે. ઝટ પોતાના ગામ ગરણી ભેગા થવા મનમાં અજંપો જાગ્યો છે. પણ ગરણી કાંય ઘોડાને ઘરે થોડું છે?

વાટ ખરચીની વધેલી પાંચ સો રૂપિયાની વાંસણી કેડ્યે બાંધી છે. પોતાની ખોરાકી અને ઘોડાના જોગાણની જોગવાઈ એમાં ભલી ભાત્યે થઈ જાશે એવી ધરપત હૈયામાં છે. વડોદરાની બહાર પગ દીધો ત્યાં તો એક ખોરડામાંથી ગોદડાં-ઠામ-વાસણ, ઘરની નાની-મોટી તમામ જણસોનો ઢગલો જાતે ભાળ્યો. બે'ક ડગલાં

આગળ હાલ્યો ત્યાં નાનાં છોકરાંનાં કાળજાં કંપાવે એવાં કાળાં બોકાસાં સંભળાણાં. કૂણા હૈયાવાળા વાલા કેસરિયાથી ઘોડાની લગામ તણાઈ ગઈ. તમાશો જોવા ટોળું ભેગું થયું હતું. ઘોડેથી ઊતરીને ટોળાને વીંધીને વાલો ઘરની લગોલગ જઈને ઊભો રહ્યો. જોતાં જ કેસરિયો મામલો પામી ગયો. લેણદારની ટાંપ ઊતરી હતી. ગાભા-ગોદડાં, ઠામ-ઠીકરાં ઠેબે આવતાં હતાં. યુવાન મરાઠાના મોં ઉપર મશ વળી ગઈ હતી. ટાંપ લઈને આવનાર શેઠ ઉપર વાલાએ નજર ઘ્રોબી સવાલ કર્યો.

"શેઠ કેટલા રૂપિયાનું લેણું? આંકડો બોલો?"

"ભાઈ, તારો મારગ તારી રાહ જોવે છે, હાલતો થા."

શેઠના અવાજમાંથી તિરસ્કાર છૂટ્યો.

"બાપ બોલો કેટલાનું લેણું, આ છોકરાંનાં આંહુડાં મારાથી જોવાતાં નથી."

શેઠનો મિજાજ તરડાયો :

"આવ્યો મોટો કેટલાનું લેણું? દાતારનો દીકરો."

ખેસ ફંગોળતાં શેઠે કહ્યું: "બોલ રૂપિયા પાંચ સોનું બિલ ભરવું છે?"

એક પળને બીજી પળે કેસરિયાએ કેડ્યેથી વાંસણી છોડી મૂળાના પતીકા જેવા પાંચ સો ગણી દીધા. ઉપરથી ફિરશ્તો ઊતર્યો હોય એવું જુવાન મરાઠાને લાગ્યું. પ્રામાણિકતાની પછેડી ઉપર પગ દઈને જીવતા યુવાન મરાઠા રાઘોબા ફાટી આંખે વાલા કેસરિયાને જોઈ રહ્યા. સદાય ખુમારીમાં તરબોળ રહેતા રાઘોબાના મનમાં કાઠિયાવાડી પાઘડીવાળો વાલો કોતરાઈ ગયો.

"તમારું નામ!"

"નામ ભગવાનનું કામેય ભગવાનનું." બોલીને ઘોડે ચડીને હાલવાની તૈયારી કરતા કેસરિયાના ઘોડાની વાઘ પકડીને જુવાન મરાઠો બોલ્યો,

"તમારું નામઠામ ન આપો તો તમને મારા છોકરાના સમ છે."

લાચાર બનેલા વાલાએ બે બોલ કીધા,

"મારું નામ વાલો કેસરિયો. ગામ મારું ગરણી, અમરેલી પરગણાનું. લ્યો રામે રામ." બોલીને વાલાએ ઘોડાને હાંકી મૂક્યો. મરાઠાનાં છોકરાંનાં આંસુ લૂછીને નીકળેલા કેસરિયાએ રનોલીમાં એક ઘોડો વેચીને વાટ ખરચી કાઢી લીધી.

વાત ઉપર દોઢ દાયકો ગડથોલિયાં ખાઇ ગયો.

ગરણી ગામ માથે પ્રભાતનાં તેજ પથરાવા માંડ્યાં છે. કરણુકીના લીલા કુંજાર કાંઠા ઉપર બેઠેલા ભગવાન ગરણેશ્વરના મંદિરમાં બ્રાહ્મણોના મંત્રોચ્ચાર ગુંજી ઊઠ્યા છે. ખીલેથી છૂટીને ઢોર ધણમાં જઈ રહ્યાં છે. બરાબર એવે ટાણે ગામમાં અમરેલીના દસ ઘોડેસવાર દાખલ થયા. કદાવર કાયા રાજના પોશાકમાં ઢંકાઈ ગઈ છે. દરેકના ખભામાં જામનગરી ઝંઝાળ્યું ઝૂલતી આવે છે. મોં ઉપર પંથ કાપ્યાની ધૂળની ઝણ ઊડેલી છે. આંખ્યુંમાં રતાશ ફૂટેલી છે. માથા ઉપરના સાફાનાં ખાખી છોગાં પવનમાં ફગફગી રહ્યાં છે.

અણધાર્યા રાજના સિપાયું ગામમાં આવેલા ભાળી માણસો હેબતાઈ ગયા.

“વાલા કેસરિયા નામનો માણસ ક્યાં રહે છે?” સિપાઈએ પૂછ્યું. “બાપુ, આથમણા બારનું ખોરડું કળાય ઈ એનું.”

આંખના પલકારામાં ઘોડાઓ વાલાની ડેલી આગળ આવીને ઊભા રહ્યા. પગ પછાડતાં અરબી ઘોડા ઉપર આરૂઢ થયેલા અસવારના સરદારે ડણક દીધી: “વાલા કેસરિયા.”

દિ’ ઊગ્યામાં અજાણ્યો સાદ સાંભળ્યો. પણ દાતણપાણી પરવારી ઓસરીની કોરે બેસી ભગવાન સૂરજની સ્તુતિ કરતા વાલાએ જવાબ નો દીધો. ત્યાં તો બીજો સાદ સંભળાણો :

“વાલા ઘર મેં હૈં?”

બીજા સાદે પછવાડાના વાડામાં વાસીદું કરતાં કેસરિયાનાં ઘરવાળાં આવીને બોલ્યાં :

“છે તો ઘરમાં”, પણ રાજના સિપાયુંને જોઈને આઇ જરા વિચારમાં પડી ગયાં. સાત પેઢીમાંય રાજના સિપાઈ આ આંગણે આવ્યાનું જાણ્યું નથી. આ શું?

“ક્યું બોલતા નહિ?”

વાલાની માળા પૂરી થઇ ગઈ. ઊઠીને ડેલીએ આવ્યો.

“આવો બાપ આવો.”

“તુમેરા નામ વાલા કેરિયા?”

“હા બાપ, હું જ વાલો કેસરિયો.”

“તુમકો અભીને અભી સૂબાને અમરેલી બુલાયા હૈ.”

“મને!”

"તુમકો સૂબા કા ફરમાન હૈ. અબી ને અબી વાલા કેસરિયા કો હાજર કરો."

"અરે બાપ, કાંક ભૂલ થતી લાગે છે, હું તો ઘોડાનો સોદાગર, સૂબો મને તેડાવે ઈ માન્યામાં નથી આવતું, મેં કાંઈ રાજનો ગનો કર્યો નથી."

"ફરમાન હૈ ચલો."

સિપાઈની આંખ કરડી થઈ.

"હાલો બાપ! કાંઈ રાજના તેડાને પાછું થોડું ઠેલાશે."

વાલાએ કસવાળું કેડિયું પહેર્યું, માથે પાઘડી મૂકીને સિપાઈ સાથે ઘોડે ચડ્યો. જાતાં જાતાં આઈને કે'તો ગયો કે સાંજે પાછો વળી આવીશ, ઉપાધિ કરતાં નંઈ.

"જગદંબા તમારી ભેર કરે."

બપોર ટાણે વાલા કેસરિયાને લઈને સિપાઈઓ સૂબાની કચેરીમાં આવી પૂગ્યા. કાગડોળે રાહ જોતા સૂબાએ વાલાને પગથિયાં ચડતો જોઈને દોટ દીધી.

"આવો આવો કેસરિયા! " બોલતાં બાથ ભરી લીધી. વાલો કેસરિયો ઘડીક વાર મૂંઝાણો. આ તે સૂબો મારી ઠેકડી કરે છે કે શું? બાવડું પકડીને પડખોપડખ ગાદી માથે બેસાડી સૂબો બોલ્યો:

"કેસરિયા મને ઓળખ્યો?"

મનમાં થયું, સૂબાના મનમાં કાંઈક ગેરસમજણ લાગે છે, પણ ઠરેલ દિલનો વાલો કશુંય બોલ્યો નહિ.

મૂંગા થઈ બેઠેલા વાલાની ભરી કચેરીમાં તારીફ માંડી, સૂબો બોલ્યો.

"વાલા કેસરિયા તું તો મારી આબરૂનો રખેવાળ છો. તે દિવસે કેડ્યેથી વાંસણી છોડીને પાંચ સો ચૂકવ્યા ન હોત તો હું અમરેલીનો સૂબો ન હોત. હવે મને ઓળખ્યો? હું રાઘોબા! આજ અમરેલીનો સૂબો છું બોલ, તારી શી કદર કરું?"

"મારી કદર મારે મોઢે બોલાવો એટલે હાઉં."

"અરે, હું શેર-શુધ્ધ મરાઠો છું. કદર કરવાનો વખત આવે ને કદર કર્યા વગર રહું તો તો મલક મને ફટ્ય કયે. માગી લે કેસરિયા! વડોદરા રાજના મારી માથે ચારેય હાથ છે. રાજમાં મારો પડ્યો બોલ ઝીલાય છે."

અમીરાતમાં ઉછરેલા કેસરિયાની જીભને ટેરવે માગવાના બોલ આવ્યા નહિ.

"એલા, તાંબાનું પતરું લાવો." કચેરીના કબાટમાંથી તાંબાનું પતરું હાજર થયું. એમાં લેખ મંડાણો. "ગાયકવાડ તાબાનું ગરણી ગામ વાલા કેસરિયાને યાવચ્ચંદ્રદિવાકરૌ બક્ષિસ." તિથિ, તારીખ ને રાજની મહોર લાગી. રાઘોબાએ હુકમ કર્યો. કેસરિયાને માન-મરતબા સહિત ગરણી પૂગાડો.

આજે પણ વાલા કેસરિયાના વંશજો અમરેલી જિલ્લાના ગરણી ગામમાં વસે છે.

.



વર્ધન શાહ



# કેપ્સ્યુલ હોટેલ

'કેપ્સ્યુલ હોટેલ', જે પશ્ચિમી વિશ્વમાં 'પોડ હોટેલ' તરીકે પણ ઓળખાય છે, તે જાપાનમાં વિકસિત એક પ્રકારની હોટેલ છે, જેમાં કેપ્સ્યુલ્સ તરીકે ઓળખાતા નાના પલંગના કદના ઘણા રૂમ હોય છે.

કેપ્સ્યુલ હોટેલ અતિથિઓ માટે સસ્તા, મૂળભૂત રાતભર રહેઠાણ પૂરું પાડે છે, જેમને બીજી હોટેલ્સ દ્વારા ઓફર કરાયેલા મોટા, વધુ ખર્ચાળ રૂમ પરવડી શકતા નથી.

વિશ્વની પ્રથમ કેપ્સ્યુલ હોટેલ ૧૯૭૯માં ખુલી હતી અને તે 'કેપ્સ્યુલ ઈન ઓસાકા' હતી, જે જાપાનના ઓસાકાના ઉમેડા જિલ્લામાં સ્થિત છે અને 'કિશો કુરોકાવા' દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે. ત્યાંથી, તે ખ્યાલ જાપાનની અંદર અન્ય શહેરોમાં ફેલાયો. ત્યાર પછી આ ખ્યાલ બેલ્જિયમ, ચીન,હોંગકોંગ, આઇસલેન્ડ, ભારત, ઇન્ડોનેશિયા અને પોલેન્ડ સહિત અન્ય વિવિધ પ્રદેશોમાં ફેલાયો છે.



કેપ્સ્યુલ હોટેલનું ગેસ્ટ રૂમ એક ચેમ્બર છે જે આશરે એક પલંગની લંબાઈ અને પહોળાઇ ધરાવે છે, જેમાં હોટેલના મહેમાનને બેડ પર સૂવા અને બેસવા માટે પૂરતી ઉંચાઇ હોય છે. ચેમ્બરની દિવાલો લાકડા, ધાતુ અથવા કોઇપણ કઠોર દ્રવ્યથી બનેલી હોઇ શકે છે, પરંતુ ઘણીવાર ફાઇબરગ્લાસ અથવા પ્લાસ્ટિક પણ વપરાય છે. રૂમની સુવિધાઓમાં સામાન્ય રીતે નાના ટેલિવિઝન, એર કન્ડીશનર્સ, ઇલેક્ટ્રોનિક કન્સોલ અને પાવર સોકેટ્સનો સમાવેશ થાય છે. કેપ્સ્યુલ્સ બંકરની જેમ બાજુબાજુમાં અને એક ઉપર એક એમ ઘણા લેવલ સુધી હોય છે. કેપ્સ્યુલનો ખુલ્લો છેડો એક પડદો અથવા ગોપનીયતા માટે નક્કર દરવાજાથી બંધ કરી શકાય છે, પરંતુ માત્ર અંદરથી જ લોક કરી શકાય છે.

ઉપલા ડાબા ફોરગ્રાઉન્ડમાં બોક્સ ટીવી હોય છે, જે ડાબી પૃષ્ઠભૂમિમાં પેનલ દ્વારા નિયંત્રિત થાય છે. આ પેનલ પ્રકાશ અને એર કન્ડીશનીંગને પણ નિયંત્રિત કરે છે. જમણી દિવાલ પર અરીસો અને ઉપરના ખૂણામાં એર કન્ડીશનીંગ ઇન્લેટ હોય છે.

છાત્રાલયની જેમ જ એમાં શૌચાલય, શાવર, વાયરલેસ ઇન્ટરનેટ અને ડાઇનિંગ રૂમ સહિત ઘણી સુવિધાઓ સામુદાયિક રીતે વહેંચાયેલી છે. કેટલીક હોટલ રેસ્ટોરાં બાર, પૂલ અને અન્ય મનોરંજન સુવિધાઓ પણ પ્રદાન કરે છે. અખબારો અને વાંચન સામગ્રી સાથે આરામ કરવા માટે ખુરશીઓ સાથે એક લાઉન્જ હોઈ છે.

કેપ્સ્યુલ હોટેલો કદમાં નાની કે મોટી હોય છે. (૫૦ કે તેથી વધુ કેપ્સ્યુલ્સથી ૭૦૦ સુધી) એ મુખ્યત્વે પુરુષોને સુવિધા પૂરી પાડે છે. કેટલીક કેપ્સ્યુલ હોટલ પુરુષ અને સ્ત્રી મહેમાનો માટે અલગ વિભાગો અથવા તો અલગ માળ અને એલિવેટર્સ ઓફર કરે છે. એમાં કપડાં અને પગરખાં માટેની વ્યવસ્થા હોય છે. ટુવાલ અને બાથરોબ પણ આપવામાં આવે છે. સામાન અને કિંમતી વસ્તુઓ સામાન્ય રીતે લોકરમાં અથવા તો રૂમમાં સલામત રાખવામાં આવે છે. મહેમાનોને કેપ્સ્યુલ્સમાં ધૂમ્રપાન ન કરવા અથવા ન ખાવા માટે કહેવામાં આવે છે.

આ હોટેલોનો ફાયદો તેમની સગવડ અને ઓછી કિંમત છે. (સામાન્ય રીતે, ૨૦૦૦-૪૦૦૦ યેન એટલે કે, ૧૮-૩૭ યુએસ ડોલર્સ પ્રતિ રાત.)

જાપાનમાં સામાન્યતઃ પગાર કામદારો દ્વારા કેપ્સ્યુલ હોટેલોનો ઉપયોગ કરવામાં આવે છે, જેઓ ઘરે પાછા ફરવા માટે દિવસની છેલ્લી ટ્રેન ચૂકી ગયા હોય છે. એક રાત માટે કોઇ બીજા શહેરમાં કામ માટે આવેલા પ્રોફેશનલ્સ પણ એનો ઉપયોગ કરે છે. જાપાની મંદી દરમિયાન, કેટલાક બેરોજગાર કામદારો કે જેઓ કટોકટી દરમિયાન બેઘર બન્યા હતા, તેઓ અસ્થાયી રૂપે મહિના સુધી કેપ્સ્યુલ્સમાં ભાડે રહેતા હતા.

ભારતનું અર્બનપોડ:

જરૂરિયાત એ શોધની માતા છે અને મુંબઇ જેવા ખીચોખીચ ભરેલા શહેરમાં, સૌથી મોટી જરૂરિયાત રહેવાની પૂરતી જગ્યા છે. મુંબઈમાં દરરોજ હજારો પ્રવાસીઓ આવતા હોય છે અને રહેવા માટે સસ્તી પરંતુ યોગ્ય હોટેલ શોધવી મુશ્કેલ છે. આમ, ભારતની પ્રથમ પોડ હોટેલ, 'અર્બનપોડ' મુંબઈના પ્રવાસીઓ, ખાસ કરીને એકલા પ્રવાસીઓ માટે આશીર્વાદરૂપ છે. આ વિશે વધુ જાણીએ.

અર્બનપોડે ગયા વર્ષે મુંબઇના અંધેરીમાં ભારતની પ્રથમ પોડ હોટેલ ખોલી હતી, અને તે તેના સુંદર દેખાવ અને અન્ય સુવિધાઓ સાથે ખૂબ જ પરફેક્ટ છે. આ કેપ્સ્યુલ હોટેલમાં વિવિધ સુવિધાઓ સાથે કુલ ૧૪૦ પોડ્સ છે.


તે વિવિધ શ્રેણીઓમાં આવે છે:

(૧) સ્યુટ-પોડ: યુગલો માટે યોગ્ય છે.

(૨) ખાનગી પોડ: વધુ જગ્યા ધરાવતી પોડ છે.

(૩) લેડીઝ-ઓન્લી પોડ: મહિલાઓને વધારાની સલામતી અને ગોપનીયતા આપે છે.

આ પોડ્સમાં એક પલંગ, એર કન્ડીશનીંગ, સુરક્ષિત કી-કાર્ડ એક્સેસ સાથે પર્સનલ લોકર, ટેલિવિઝન, મૂડ લાઇટિંગ અને ૪ યુએસબી પોર્ટ સાથે પાવર સોકેટ્સ ધરાવે છે. તેમાં વોલ મિરર, હેંગર્સ, એર પ્યુરિફાયર, લાઈટિંગ સુવિધા સાથે બારણું અને વાઇ-ફાઇ સાથે ડ્રેસર પણ છે. સલામતી માટે, તેમાં સ્મોક ડિટેક્ટર અને અગ્નિશામક ઉપકરણ પણ છે. તેમાં લોન્ડ્રી સેવા, ભોજન માટે કાફે અને બાથરૂમ પણ છે.








કશ્યપ જોષી

# સેલ્ફ બેલેન્સિંગ વ્હીકલ

આપણે સૌ લોકોને બાળપણમાં સાયકલ ચાલવાનો અનુભવ તો હશે જ તે! શરૂઆતમાં બે મુખ્ય પૈડાં અને આપણે નાના હોય એટલે પડી ન જઈએ તે માટે વધારાના બે પૈડાં(સપોર્ટિંગ વ્હીલ્સ) લગાવવામાં આવતા. સમય જતા મમ્મી-પપ્પાને લાગે કે હવે બાળકને થોડી-થોડી ફાવટ આવવા માંડી છે. એટલે પાછળ લગાવેલા વધારાના બે પૈડાં( સપોર્ટિંગ વ્હીલ્સ) કાઢી નાખે અને તેના પછી આપણને સાયકલ ચલાવવાનો થોડો ભય લાગે. પરંતુ, આપણે હિંમત કરીને પપ્પા અને મમ્મીના સહકારથી સાયકલ ચલાવીએ. ક્યારેક અસંતુલિત થઈએ, તો ક્યારેક પડી પણ જવાય. પરંતુ આમ કરવાથી સાયકલ જરૂર આવડી જાય!

સામાન્ય રીતે સાયકલ ચલાવતા ચલાવતા જ આપણે તેની ઝડપ કઈ રીતે નિયંત્રણમાં લેવી, કઈ રીતે પેડલ મારવા જેનાથી સાયકલ સરખી રીતે ચાલી શકે, તેને સંતુલિત કઈ રીતે કરવી અને ક્યારે બ્રેક મારવી જેથી આપાતકાલીન અકસ્માત ટાળી શકાય, વગેરે જેવી વસ્તુઓ સમય પસાર થતા આપણે શીખીએ છીએ! આ બધી વસ્તુમાં બેલેન્સિંગ સૌથી મહત્વનો ભાગ છે. જો સંતુલન ખોરવાય, તો તરત જ આપણે સાયકલ પરથી પડી જઈએ છીએ. વર્તમાન સમયમાં 'સેલ્ફ બેલેન્સિંગ વ્હીકલ' ખૂબ જ લોકપ્રિય બની રહ્યા છે. જેમાં સંતુલન જાળવવા માટે એક ખાસ પ્રકારનો અલ્ગોરિધમ હોય છે, જેની મદદથી આપણે સંતુલનની ચિંતા નથી કરવી પડતી અથવા સંતુલન ખૂબ સરળતાથી થઇ જાય છે.



આ સેલ્ફ બેલેન્સિંગ વ્હીકલનો આવિષ્કાર મનુષ્યની ચાલની નકલ ઉતારવા માટે ડીન કમેન દ્વારા ૨૦૦૧માં કરવામાં આવ્યો હતો. આ વાહન પહેલા પહેલા મનોરંજન માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું. પરંતુ પછીથી તેનો ઉપયોગ ટૂર સ્પોટ્ર્સ પર કરવામાં આવ્યો અને ત્યાં એ ખૂબ જ લોકપ્રિય બન્યું. ઇલેક્ટ્રિક હોવાને કારણે આ વાહન કોઈ પણ પ્રદૂષણ ફેલાવતું નથી.

તેથી પુરાતન જગ્યા પર ફરવા માટે આનો ઉપયોગ કરવો યોગ્ય બને, જેથી તેની જાળવણી કરી શકાય. અત્યારે લોકો આ વાહનને સગવે (sugway) તરીકે ઓળખે છે અને ઓનલાઇન/ઑફલાઇન માર્કેટમાં પણ આ પ્રોડકટ ઉપલબ્ધ છે.

પોતાની જાતે સંતુલિત થઇ શકે એવું આ વાહન કામ કઈ રીતે કરતું હશે અને તેની અંદર કઈ પ્રકારની ટેકનોલોજી ઉપયોગમાં લેવામાં આવી હશે, તે જાણવાની કુતુહલતા ઉદ્દભવે તે સામાન્ય છે! આ વ્હીકલની રચના એવી રીતે કરવામાં આવે છે, જેનાથી તે બે પૈડાં પર તેની જેટલી ક્ષમતા છે, તેટલા વજન સુધીના મનુષ્યને સવારી આપી શકે અને તેને જે રીતે કમાન્ડ આપવામાં આવે એ રીતે તે પ્રચલન કરી શકે. કમાન્ડ લેવા માટે આ વાહન દ્વારા વિવિધ સેન્સર નો ઉપયોગ કરવામાં આવે છે અથવા એક કંટ્રોલીંગ આર્મ આપવામાં આવે છે જેના દ્વારા મનુષ્ય વાહનને કઈ દિશામાં લઇ જવું તેના સંદેશ આપી શકે છે.

**સેલ્ફ બેલેન્સિંગ વ્હીકલનું બંધારણ**


આ પ્રકારના વાહનનું બંધારણ સમજવું મુશ્કેલ નથી. આપણે સૌ લોકોએ આપણા બાળપણમાં એક અખતરો કરવાનો પ્રયત્ન કર્યો હશે, તેના દ્વારા આપણે 'સેલ્ફ બેલેન્સિંગ મિકેનિઝમ' સમજી શકીએ છીએ! આપણે સૌ લોકોએ ક્રિકેટના બેટ અથવા તેના જેવી કોઈ વસ્તુ આપણી આંગળી પર સંતુલિત કરવાનો પ્રયત્ન જરૂર કર્યો હશે અને તેને સંતુલિત રાખવાની રમતો પણ રમી હશે.



**બેટને બેલેન્સ કરવાની રમત**


બેટને સંતુલિત કરવું કઇ અઘરું નથી, તેની એક સામાન્ય યુક્તિ છે! બેટ જે દિશામાં નમન ચાલુ કરે આપણે પણ તે જ દિશામાં આપણી આંગળીને આગળ લઈ જવાની છે, જ્યાં સુધી બેટ ફરીથી સંતુલિત ન થઇ જાય! આ પ્રક્રિયામાં આપણી ચપળતા જેટલી વધારે હશે તેટલું વધુ બેટ આંગળી પર સ્થિર ટકી શકશે.સેલ્ફ બેલેન્સિંગ વ્હીકલમાં આ આંગળીનું કામ પૈડાં કરશે અને ચપળતા લાવવાનું તથા કઈ દિશામાં અને કેટલી ઝડપથી પૈડાંને આગળ લઈ જવા તેનું નિયમન તે વાહનની અંદર રહેલ કમ્પ્યુટર કરશે.

હવે આ વાહનને આગળ કે પાછળ લઇ જવા માટે તેને એક નિશ્ચિત દિશામાં નમન કરાવી અને પૈડાંની ઝડપ નિયંત્રિત કરવી પડે છે. વાહન વર્તમાન સમય પર ભૂમિ સાથે કેટલો ખૂણો બનાવે છે તે જાણવું આ પ્રક્રિયા માટે ખૂબ જ જરૂરી છે. અને તેના માટે IMU(Inertial Measurement Unit) નો ઉપયોગ થાય છે. અને તેમાં નમન માપવા માટે ગાયરોસ્કોપ તથા પ્રવેગ અને વેગ માપવા  માટે એક્સેલરોમીટરનો ઉપયોગ થાય છે. આ બંને એક સેન્સર છે, જે MPU6050 મોડ્યૂલમાં સાથે આવે છે.





**MPU6050 મોડ્યૂલ**

આ મોડ્યૂલ અથવા તેના જેવા મોડ્યૂલનો ઉપયોગ કરી વાહનના ત્રણ અક્ષ(x, y, z) પરના નમન અને પ્રવેગની માહિતી વાહનના કોમ્પ્યુટરને આપી શકાય છે. હવે સેન્સર દ્વારા મળેલી માહિતીમાં ક્યારેક ઇલેક્ટ્રોનિક નોઇસ હોય છે જેના કારણે ડેટા કાર્યક્ષમ મળતો નથી તેથી તેના પર કેટલાક ફિલ્ટર લગાવવા પડે છે જેમાં 'low-pass filter' તથા 'kalman filter'નો સમાવેશ થાય છે. આ filter આપણે સેન્સર પાસેથી શુદ્ધ માહિતી આપે છે. વાહનને કોઈ દિશામાં કેટલું નમન કરાવવું તથા કેટલી ઝડપથી પૈડાંને ફેરવવા વગેરે જેવી વસ્તુઓ માટે કેટલાક ખાસ પ્રકારના અલ્ગોરિધમ હોય છે અને તેમનો એક છે PID(proportional–integral–derivative) અલ્ગોરિધમ, જે વર્તમાન નમન અને વર્તમાન ઝડપ તથા આપણને પ્રચલન કરવા માટે જરૂરી નમન અને ઝડપ વચ્ચેના તફાવતને સમજી અને બંને મોટરને નિયંત્રિત કરે છે. મોટર્સની ઝડપ પર નિયંત્રણ કરવા માટે મોટર ડ્રાઈવરનો ઉપયોગ થાય છે. આ બધી વસ્તુઓને પાવર આપવા માટે પાવર મોડ્યૂલનો ઉપયોગ થાય છે.




આ સેલ્ફ બેલેન્સિંગ વ્હીકલ હાલના સમયમાં ખૂબ જ ચર્ચામાં છે અને લોકો તેને ખૂબ જ શોખથી વાપરી રહ્યા છે. કારણ કે આ વાહનના પરિમાણ ખૂબ જ નાના છે એટલે તે નાની જગ્યામાં પણ સમાઇ શકે છે. તેથી જો સ્કૂલ અથવા કોલેજ પરિસરમાં અથવા કોઈ જાહેર પર્યટન સ્થળ પર આ વાહનનો ઉપયોગ કરવામાં આવે તો તે સાયકલ કે મોટરસાયકલ કરતા ઓછી જગ્યા રોકે અને ઈલેકટ્રીક હોવાના કારણે પર્યાવરણમાં પ્રદુષણ પણ ન ફેલાવે.



# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો અંગ્રેજી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

(૪) **કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે:** pankhemagazine@gmail.com

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો મેઇલ દ્વારા જ જાણ કરવામાં આવશે. અન્ય માધ્યમોમાં એ વિશે પૃચ્છા કરવી નહીં.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

(૮) કૃતિનો સ્વીકાર થાય તો તમને મેઈલ મળી જશે. જો એ માટે વિલંબ થાય ને તમે અન્ય માધ્યમોમાં આપો, તો પણ વાંધો નહિ. એ માટે તમારે અમને જાણ કરવી જરૂરી નથી. કારણ કે જ્યારે પણ અમે નક્કી કરીશું કે હવે આ કૃતિ અમારે મુકવી છે, તો એ પહેલા અમે મેઈલ કરીશું જ. આપનો જવાબ નહિ આવે ત્યાં સુધી નહિ મૂકીએ.

(૯) સામાન્યતઃ એવો નિયમ હોય છે કે કૃતિ એક કરતાં વધુ જગ્યાએ મોકલો, તો જ્યાંથી વહેલો જવાબ આવે, એ સિવાયની જગ્યાએ સર્જકે જ સામેથી જાણ કરવાની હોય છે. પણ અમે એ કામ સર્જક માટે આસાન બનાવ્યું છે. અમે પૂછીએ અને જો તમારી કૃતિ બીજે ના સ્વીકારાયી હોય તો અમે પછી સ્વીકારીએ છીએ.

પંખ e-magazine
સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન




**આપને 'પંખ'નો આ અંક કેવો લાગ્યો ?**

**આપના પ્રતિભાવો WhatsApp દ્વારા આપવા માટે અહીં ક્લિક કરો.**

## https://wa.me/916355953355

પંખ e-magazine
WhatsApp contact

# ટીમ 'પંખ'

## યાજ્ઞિક વઘાસિયા

## કેયુર દુધાત

## અનંત ગોહિલ

## વિરલ જોશી

## હોઝેફા અગવાન

## ધ્રુવિલ ચોડવડીયા

---

**એક ક્ષણ રુબરુ મળીને આપણે,**
**આયખાભરની પીડાઓ નોતરી.**

**- ચંદ્રેશ મકવાણા 'નારાજ'**

# આ અંકમાં સહભાગી કલમો

દલપતરામ

જગદીશ જોષી

દોલત ભટ્ટ

રાજુલ ભાનુશાલી

હીરલ વ્યાસ

તેજલ શાહ

ડૉ. રંજન જોષી

બંસરી જોષી

અર્ચિતા દીપક પંડ્યા

ગૌતમ જાની

વર્ધન શાહ

કશ્યપ જોષી

---

## ફોટોગ્રાફી

**લકી ઠાકુર (ફ્રન્ટ કવર)**

https://instagram.com/lucky2600?utm_medium=copy_link

**જયદીપ ખોલવાડીયા (બેક કવર)**

https://instagram.com/jd_kholvadiya?utm_medium=copy_link

